# સમયનું સન્માન કરવું

૧ ઑગસ્ટ, ૨૦૨૫

આત્મીય પાઠક,

શું તમે ક્યારેય વિચાર્યું છે કે સમયના તમારા અનુભવને શું પ્રભાવિત કરે છે? બની શકે કે કોઈ દિવસ તેની સાથે એક વિશિષ્ટ ભાવના કે જોડાણ લઈને આવે, જ્યારે બીજો દિવસ એકદમ અલગ જ ભાવ જગાવે, એવું શા માટે થાય છે? શું તમને લાગે છે કે તેનું કારણ એ છે જે કરવાની તમે પસંદગી કરી રહ્યા છો, એટલે કે તમે તમારા સમય સાથે શું કરવાની પસંદગી કરી રહ્યા છો? કે પછી આનું કારણ સ્વયં સમય અને પરિસ્થિતિઓ છે? આ વર્ષે જ્યારે આપણે વર્ષ ૨૦૨૫ માટે શ્રીગુરુમાઈના સંદેશ પર અધ્યયન કરી રહ્યાં છીએ, ત્યારે આવા પ્રશ્નો પૂછવા ઘણા લાભદાયી થઈ શકે છે.

પ્રાચીન ગ્રીસના તત્ત્વજ્ઞાનીઓએ આ વિષય પર તેમનાં લખાણોમાં સમયની બે મુખ્ય સંકલ્પનાઓ વિશે કહ્યું છે. તેમણે એકને 'ક્રોનોસ' કહી અને બીજીને 'કાઇરોસ'[૧]. 'ક્રોનોસ' સમયનું એ પાસું છે જેને માપી કે ગણી શકાય છે. તે કોઈ વસ્તુની અવધિ, આવૃત્તિ અથવા આયુ છે એટલે કે એક વર્ષમાં દિવસોની સંખ્યા, કોઈ કામને પૂરું કરવા માટે લાગતા કલાકોની સંખ્યા, એ તારીખો જ્યારે કોઈ ઘટના ઘટિત થઈ હોય અથવા ફરીથી થઈ હોય. સમય પર આધારિત આ એવાં માળખાઓ છે, જેમાં રહીને કામ કરવાનો નિશ્ચય આપણે બધાંએ મળીને કર્યો છે.

'કાઇરોસ' વધારે સૂક્ષ્મ છે. ગ્રીક ભાષામાં 'કાઇરોસ' શબ્દનો એક અર્થ છે, "યોગ્ય સમય." તે એ વાતનો ઉલ્લેખ કરે છે કે સમયની કોઈ વિશિષ્ટ ક્ષણની માંગ શું છે, તેની પાછળનો મૂળ વિચાર એ છે કે 'ક્રોનોસ' સમયના સંદર્ભમાં, કેટલીક એવી ઉચિત ક્ષણો હોય છે જ્યારે કંઈક કરી શકાય છે અથવા કંઈક ઘટિત થઈ શકે છે. 'કાઇરોસ' અથવા એક ઉચિત ક્ષણ કઈ છે, એ ઘણાં બધાં પરિબળોના આધારે નક્કી કરી શકાય છે — જેમકે કોઈ અનપેક્ષિત ઘટના અથવા આપણી પોતાની વ્યક્તિગત અને વ્યાપક સામાજિક પરિસ્થિતિઓનું સંયોજન.

વાસ્તવમાં, 'કાઇરોસ'ને એવી સંકલ્પના માનવામાં આવે છે જે સમયના 'ગુણોને' વધારે દર્શાવે છે. જોકે તારીખ, કલાક અને અવધિ જેવા માપ ઉપયોગી અને આવશ્યક છે, પરંતુ તે સ્વતંત્રરૂપે એ સૂચિત નથી કરતાં કે કોઈ વિશેષ સમય શા માટે મહત્ત્વપૂર્ણ છે, અથવા એ સમયે શું કરવું જરૂરી છે. 'કાઇરોસ'ની સંકલ્પનામાં માનવામાં આવે છે કે એક વ્યક્તિએ સમય સાથે સક્રિયતાથી કાર્યરત રહેવું જોઈએ, જેના દ્વારા તે સમયની ગતિશીલતાને સ્વીકારે છે અને એની ગતિ પ્રત્યે સચેત રહીને એ પ્રમાણે પ્રતિક્રિયા આપે છે.

આ વાતનું એક સારું ઉદાહરણ આપણને પ્રકૃતિમાં ઋતુઓનાં પરિવર્તનમાં જોવા મળે છે. જોકે આપણે કેલેન્ડરમાં અમુક દિવસો પર વસંતઋતુ, પાનખર અથવા ગ્રીષ્મઋતુની શરૂઆત તરીકે નિશાન તો લગાવી

શકીએ છીએ, પરંતુ પ્રાકૃતિક જગત આ માળખાથી બંધાયેલું નથી. ફૂલો ત્યારે જ ખીલશે અને પાંદડાંઓ ત્યારે જ રંગ બદલશે, જ્યારે પરિસ્થિતિઓ આમ કરવા માટે ઉચિત હશે. પોતાને પરિસ્થિતિઓ પ્રમાણે ઢાળવાની પૃથ્વીની ક્ષમતા અને લવચીકતા અગાધ છે, અને તે પોતાના સિદ્ધાંતો પ્રત્યે હંમેશાં પ્રામાણિક રહે છે.

ગુરુમાઈજીના સંદેશના મારા અધ્યયનમાં અને સમય સાથે મારો જે સંબંધ છે, એના વિશે મારી જે સમજ છે તેના નિરંતર અન્વેષણમાં, 'ક્રોનોસ' અને 'કાઇરોસ' વિશે શીખવું મારા માટે અમૂલ્ય રહ્યું છે. હું તેના વિશે આ રીતે વિચારવા લાગી છું. નિઃસંદેહ, સમય એ સુવ્યવસ્થિત પૃષ્ઠભૂમિ છે જેની સમક્ષ આપણે આપણું જીવન જીવીએ છીએ. તે આપણાં જીવનને વ્યવસ્થા પ્રદાન કરવામાં તેમજ તેના વિકાસને અને તેમાં થતાં પરિવર્તનોને માપવામાં આપણી મદદ કરે છે. અને સમય એ ક્રિયાશીલ "સત્તા" પણ છે, જેની સાથે આપણે આપણા અંતર્જ્ઞાન, આપણી બુદ્ધિ, આપણી વિવેક-ક્ષમતાથી નિયમિત સંવાદ કરી શકીએ છીએ અને કરવો પણ જોઈએ. જેમકે ગુરુમાઈજીએ કહ્યું છે : "સમય ભગવાન છે. સમય દિવ્ય છે. સમય વીજળીનો ચમકારો છે. સમય ચિતિનો પ્રવાહ છે."

૧ જાન્યુઆરીએ 'મધુર સરપ્રાઇઝ'માં, ગુરુમાઈજીએ મહાકાલ વિશે વાત કરી હતી, તે ભગવાન શિવનું એ રૂપ છે જે સમયનું પ્રતીક છે. મારા માટે, ભગવાનના સાકાર રૂપમાં સમયની આ છબી જેટલી બોધપ્રદ છે, તેટલી જ વિસ્મયકારી પણ છે. તે દર્શાવે છે કે સમય સચેતન છે; સમય આપણી સાથે સંવાદ કરી શકે છે; સમય આપણને સંકેતો મોકલે છે, તે આપણને કહે છે કે શું જરૂરી છે. આપણે બસ તેના પર ઝીણવટપૂર્વક પૂરતું ધ્યાન આપતા રહેવાનું છે.

તો હવે, આપણે આ કેવી રીતે કરીએ? આપણે સમય તરફ ધ્યાન કેવી રીતે આપીએ? આપણે સમયના ધીમા અવાજને કેવી રીતે સાંભળીએ, તેના ગણગણાટને, ક્યારેક-ક્યારેક થતી તેની ગર્જનાને કેવી રીતે સાંભળીએ?

ગુરુમાઈજીએ 'મધુર સરપ્રાઇઝ'માં આના વિશે પણ સમજાવ્યું હતું. શું તમને યાદ છે? ગુરુમાઈજીએ આપણને એક શિખામણ પ્રદાન કરી હતી, "તમારી અંતર-સ્થિતિમાં રહો" એટલે કે આપણે આપણા અસ્તિત્વના કેન્દ્રમાં, આપણા હૃદયમાં, અંતરમાં વિદ્યમાન ભગવાનના સ્થાનમાં રહીએ. હાલમાં જ, શ્રી મુક્તાનંદ આશ્રમમાં ગુરુપૂર્ણિમાના મહિના દરમ્યાન એક સત્સંગમાં ગુરુમાઈજીએ આ શિખામણ વિશે ફરીથી વાત કરી.

શ્રીગુરુમાઈએ કહ્યું :

> લોકો માટે એ શીખવું સારું રહેશે કે તેઓ પોતાની અંતર-સ્થિતિ સાથે કેવી રીતે જોડાય. લોકો ઘણાં અસંતુલિત હોય છે, પોતાની અંતર-સ્થિતિથી દૂર થઈ જાય છે. તેઓ તેમના આત્મામાં — તેમની અંતર-સ્થિતિમાં — સ્થિર રહેવા અને એ સ્થાનથી કાર્ય-વ્યવહાર કરવાને બદલે એ તરફ ચાલતા રહે છે જ્યાં હવા લઈ જાય, જ્યાં તોફાન લઈ જાય.
>
> આના માટે પૂજા-અનુષ્ઠાન બહુ સારાં છે, જોકે કેટલાંક લોકો હજી પણ તેની શક્તિને સમજી નથી શકતાં. પૂજા-અનુષ્ઠાન વ્યક્તિને તેની પોતાની અંતર-સ્થિતિ તરફ પાછા ફરવામાં સહાયક હોય છે.

જ્યારે ગુરુમાઈજી અનુષ્ઠાનો વિશે કહી રહ્યાં હતાં, ત્યારે તેઓ વિશેષરૂપે પૂજાના અર્પણ અને આ અભ્યાસમાં સમાયેલી દરેક વસ્તુના વિષયમાં કહી રહ્યાં હતાં. પૂજા કરતી વખતે આપણે કરેલી દરેક ક્રમબદ્ધ વિધિ કે ક્રિયાનો ઉદ્દેશ્ય આપણને આપણી અંતર-સ્થિતિની, આપણા કેન્દ્રની અનુભૂતિ તરફ લઈ જવાનો હોય છે. તમે કેટલીયે વાર લોકોને એ કહેતાં સાંભળ્યાં હશે, "અંતરના ઊંડાણમાં, હું જાણતો હતો"? આપણા અસ્તિત્વના ઊંડાણમાં જ્ઞાનનો વાસ છે. આ જ એ અંતર-જ્ઞાન છે જ્યાં આપણે પૂજા-અનુષ્ઠાનના માધ્યમથી, પૂજાના અર્પણના માધ્યમથી પહોંચીએ છીએ.

***

સિદ્ધયોગ પથ પર, આ મહિને તારીખ અને શુભ પ્રસંગોનો અદ્ભુત સંગમ છે — જ્યારે કેલેન્ડરના વિશેષ દિવસો પર મહત્ત્વની ક્ષણો અને અવસરની ક્ષણોનું અત્યંત રોચક રીતે મિલન થાય છે.

મારા કહેવાનો અર્થ શું છે?

- ૮ ઑગસ્ટના દિવસે, આપણે ભગવાન નિત્યાનંદની સૌર પુણ્યતિથિ મનાવીશું. આ જ તારીખે બડે બાબા પોતાના ભૌતિક દેહનો ત્યાગ કરીને પરમ ચેતનામાં વિલીન થઈ ગયા હતા. સિદ્ધયોગ પથ પર આપણા માટે આ એક પાવન દિવસ છે — પ્રાર્થના, સ્મરણ અને કૃતજ્ઞતાનો દિવસ. ભારતનાં શાસ્ત્રો અને પરંપરાઓ આપણને શીખવે છે કે જ્યારે કોઈ મહાત્મા આ પૃથ્વી પરથી પ્રયાણ કરી લે છે, ત્યારે પણ ભક્તોને તેમના આશીર્વાદોનો અનુભવ થતો રહે છે.

- સાથેસાથે, ૮ ઑગસ્ટના દિવસે અમે શ્રી મુક્તાનંદ આશ્રમમાં રક્ષાબંધન પણ મનાવીશું. સિદ્ધયોગીઓ માટે આ શ્રીગુરુ અને શિષ્ય વચ્ચે સંરક્ષણ અને પ્રેમનાં બંધનનો ઉત્સવ મનાવવાનો સમય છે. ગુરુમાઈજીએ કહ્યું છે કે આ બંધન *અક્ષત* છે; સંસ્કૃત ભાષાના આ શબ્દનો અર્થ છે, "એ જેનો ક્યારેય ક્ષય નથી થતો."

- ૧૫ ઑગસ્ટના દિવસે, ઉપનિવેશક શાસનથી ભારતની સ્વતંત્રતાની વર્ષગાંઠ પર, આપણે બાબા મુક્તાનંદની દિવ્ય દીક્ષાનો ઉત્સવ મનાવીશું. આ દિવસે બાબાજીને તેમના શ્રીગુરુ, ભગવાન નિત્યાનંદ પાસેથી શક્તિપાત દીક્ષા પ્રાપ્ત થઈ હતી. આ ઘટના આજે અહીં આપણા બધાં માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ જ એ શુભારંભ હતો જેના ફળસ્વરૂપ બાબાજીએ સિદ્ધયોગ પથની સ્થાપના કરી.

- ૧૫ ઑગસ્ટના દિવસે કૃષ્ણ જન્માષ્ટમી પણ છે, એવું માનવામાં આવે છે કે આ દિવસે ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. કૃષ્ણ જન્માષ્ટમીની રાત્રિ, જેને 'મોહરાત્રિ' પણ કહેવામાં આવે છે, ભારતીય પંચાંગ અનુસાર વર્ષની ત્રણ સૌથી શુભ રાત્રિઓમાંથી એક છે.

શું તમને નથી લાગતું કે મહોત્સવોનું આ રીતે એક જ સમયે હોવું એ એક વિલક્ષણ સંયોગ છે? સિદ્ધયોગ પથ પર ૮ ઑગસ્ટ અને ૧૫ ઑગસ્ટની તારીખો સદૈવ વિશેષ છે, કારણ કે એ સૌર તિથિ અનુસાર બડે બાબાની પુણ્યતિથિ અને બાબાજીની દિવ્ય દીક્ષાના મહોત્સવોના દિવસ છે. પરંતુ બીજા બે તહેવારો — રક્ષાબંધન અને કૃષ્ણ જન્માષ્ટમી — પંચાંગની ચાંદ્ર તિથિ અનુસાર નિર્ધારિત થાય છે. એટલા માટે, તેને મનાવવાની તારીખો દર વર્ષે બદલાતી રહે છે. તેથી આ અત્યંત અપ્રત્યાશિત સંયોગ લાગે છે કે વર્ષ ૨૦૨૫માં આ બંને તહેવારો એક જ દિવસે આવે છે.

અથવા બની શકે કે આ વાત એટલી અપ્રત્યાશિત ન પણ હોય. આ વર્ષે જ્યારે ગુરુમાઈજીનો સંદેશ જ સમય સાથે આપણા સંબંધ વિશે છે, ત્યારે બની શકે કે આ એક અન્ય ઉદાહરણ છે કે સમય આપણને કંઈક કહેવાનો પ્રયાસ કરી રહ્યો છે. એ ઓળખવાનું હંમેશાં એટલું સહેલું નથી હોતું કે કોઈ વિશેષ ક્ષણની માંગ શું છે. ખાસ કરીને મારો અનુભવ તો આવો જ રહ્યો છે. પરંતુ કેટલીકવાર એવો સમય પણ આવે છે — જેમકે અત્યારે ઑગસ્ટમાં — જ્યારે બધા સંકેતો એક જ દિશામાં ઇશારો કરી રહ્યા હોય એવું લાગે છે. એવો સમય પણ આવે છે જ્યારે એ અત્યંત સ્પષ્ટ થઈ જાય છે કે આપણા માટે શું કરવું વિવેકશીલ અને લાભદાયી છે.

મને લાગે છે કે ઑગસ્ટમાં આનો અર્થ છે, ભગવાન અને શ્રીગુરુનું સ્મરણ કરવું, તેમની પૂજા-અર્ચના કરવી. નિઃસંદેહ, સિદ્ધયોગ પથ પર આપણે ગુરુમાઈજી પાસેથી શીખ્યાં છીએ કે ભગવાનનું સન્માન કરવા માટે, તેમની પૂજા કરવા માટે કોઈપણ સમય શુભ સમય છે. શ્રીગુરુ પ્રત્યે આપણો આદરભાવ વ્યક્ત કરવા માટે કોઈપણ સમય શુભ સમય છે. વાસ્તવમાં, આ ગ્રીષ્મઋતુમાં છેલ્લા કેટલાક મહિનાઓથી આપણે સિદ્ધયોગના ઘણા બધા આનંદપૂર્ણ મહોત્સવો મનાવીને આ જ કરી રહ્યાં છીએ. તેમ છતાં, ગુરુમાઈજી આપણને એ પણ શીખવે છે કે આપણે આપણી અંદર જે સારપ અને દિવ્યતાનો અનુભવ કરી શકીએ છીએ, તેની કોઈ સીમા નથી. જેમકે ગુરુમાઈજી કહે છે, સિદ્ધયોગ સાધનામાં આપણે સતત "મહાનથી મહાનતર અને મહાનતરથી મહાનતમ તરફ" વધતા રહીએ છીએ.

તો પછી, ઑગસ્ટમાં આવું જ થઈ રહ્યું છે.

ઑગસ્ટ — એ મહિનો જેમાં આપણે ભગવાન અને શ્રીગુરુ પાસેથી જે અસીમ કૃપા અને સંરક્ષણ પ્રાપ્ત કરીએ છીએ તેનો ઉત્સવ મનાવીએ છીએ. આવું કરીને, આપણે આપણાં હૃદયમાં ગહન શાંતિનો અનુભવ કરીએ છીએ.

ઑગસ્ટ — એ મહિનો જેમાં આપણે આપણા સમયનો સદુપયોગ કરવાના આપણા સંકલ્પને વધારે દૃઢ કરીએ છીએ. આવું કરીને, આપણે આપણી આસપાસ એક શાંતિપૂર્ણ વાતાવરણનું નિર્માણ કરીએ છીએ.

અહીં તમારા મંથન માટે એક-બે પ્રશ્નો છે જેના પર તમે વિચાર કરી શકો છો. શું તમે ઘડિયાળ રાખવાનું પસંદ કરશો? કે પછી તમે એ વધારે પસંદ કરશો કે તમારા આખા દિવસ દરમ્યાન તમારો સમય શાંતિપૂર્ણ રહે? શું ખરેખર આ બંને એકસાથે ન થઈ શકે? આપણે ભગવાનની પૂજા કરીએ છીએ જેથી આપણને ભગવાનનો

અનુભવ થઈ શકે. એ જ રીતે, આપણે સર્વોત્તમ રીતે સમયનો ઉપયોગ કરીએ છીએ જેથી આપણે સમયને જાણી શકીએ. આવું કરીને, આપણે આપણા હૃદયમંદિર સાથે, એ પાવન સ્થાન સાથે આપણા સંબંધને સુદૃઢ કરીએ છીએ જ્યાં શાંતિ જ શાંતિ વ્યાપ્ત છે.

આદર સહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૫ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

---

[૧] આ પત્રમાં 'ક્રોનોસ' અને 'કાઇરોસ'નું વર્ણન મુખ્યત્વે John E. Smith, "Time, Times, and the 'Right' Time; *chronos* and *kairos*," *The Monist: Philosophy of History*, Vol. 53, No. 1 (1969), પૃ. ૧-૧૩ https://www.jstor.org/stable/27902109 માંથી લેવામાં આવ્યું છે.